પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૭૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૫-૦૩-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### યોગી કેબિનેટની યાદી તૈયાર

## અપર્ણા, અદિતી સહિત અનેક નવા ચહેરાઓના નામ સામેલ, અનેક પડતા મુકાય તેવી સંભાવના

લખનૌ,

ઉત્તરપ્રદેશમાં બંપર જીત બાદ યોગી આદિત્યનાથનો દિલ્હી પ્રવાસ પુરો થયો છે.દિલ્હી પ્રવાસ દરમિયાન યોગી આદિત્યનાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી,ગૃહમંત્રી અમિત શાહ,પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા,કેન્દ્રીય મંત્રીઓ નીતીન ગડકરી,રાજનાથસિંહ સહિત અનેક વરિષ્ઠ નેતાઓની મુલાકાત લીધી હતી આ મુલાકાતોમાં જ ઉત્તરપ્રદેશમાં બનનાર સરકારના નવનિર્વાચિત મંત્રીમંડળની યાદીના લગભગ મોટાભાગના નામ ફાઈનલ કરી દેવામાં આવ્યા છે.

ભાજપ સુત્રોના જણાવ્યા અનુસાર યોગી આદિત્યનાથે દિલ્હી પ્રવાસ બાદ ઉત્તરપ્રદેશના નવા મંત્રીમંડળની તસવીર સાફ કરી દીધી છે.સુત્રોએ જણાવ્યું હતું કે ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી પદના સોગંદની સાથે જ જે મંત્રીઓને સોગંદ અપાવવામાં આવશે તેમાં અનેક નામ ચોંકાવનારા હોઈ શકે છે. ભાજપથી જોડાયેલ એક વરિષ્ઠ પદાધિકારીએ કહ્યું હતુ કે યોગી આદિત્યનાથના ગત મંત્રીમંડળના અનેક સભ્ય આ વખતે બહાર રહેશે જો કે કેટલાક મંત્રી તો ચુંટણી પણ હારી ગયા છે.સુત્રોનું કહેવુ છે કે અનુમાન તો એ લગાવવામાં આવી રહ્યું છે કે યોગી સરકારના પૂર્વ મંત્રી જે આ વખતે ચુંટણી જીત્યા છે તેમાંથી અનેકને આ વખતે શરૂઆતના



તબક્કામાં સામેલ કરવામાં આવશે નહીં યોગીએ દિલ્હી પ્રવાસ દરમિયાન વરિષ્ઠ નેતાઓ સાથે ચર્ચા કરી મંત્રીમંડળના ચહેરાઓ અંગે ચર્ચા કરી હતી.

ભાજપ સાથે જોડાયેલા સુત્રોનું કહેવુ છે કે આ વખતે યોગી આદિત્યનાથના મંત્રીમંડળમાં શરૂઆતી તબક્કામાં જ પૂર્વાચલ બુંદેલખંડ અવધ પશ્ચિમ અને તરાઈનું પ્રતિનિધિત્વ ત્યાંના જીતેલા ધારાસભ્યોને મળી શકે છે.જે ધારાસભ્યોને ઉત્તરપ્રદેશમાં નવા મંત્રીમંડળમાં સામેલ કરી શકાય છે તેમાં મુખ્ય નામ સુરેશ ખન્ના બેબે રાની મૌર્ય,શ્રીકાંત શર્મા બ્રજેશ પાઠક સતીશ મહાના સિધ્ધાર્થ નાથ સિંહ સૂર્ય પ્રતાપ શાહી આશુતોષ ટંડન અનુરાગ સિંહ અસીમ અરૂણ રાજેશ્વર સિંહ આશીષ પટેલ નંદકુમાર નંદી અને નિતિન અગ્રવાલના નામ હાલ નક્કી માનવામાં આવી રહ્યાં છે આ ઉપરાંત અપના દળ અને નિષાદ પાર્ટીના જીતેલા ધારાસભ્યોને મંત્રીમંડળમાં ભાગીદારી મળે તેવું અનુમાન છે.

સંગઠનથી જોડાયેલ એક વરિષ્ઠ પદાધિકારી કહે છે કે ઉત્તરપ્રદેશમાં આ વખતે મંત્રીમંડળની રચના એવા જાતિગત સમીકરણોથી સાધતા કરવામાં આવી રહી છે જે ૨૦૨૪નો માર્ગ સરળ કરી શકે તેનો ઈશારો છે કે સ્પષ્ટ રીતે દલિતો અને પછાત તરફ હતો. જેના આ વખતે પાર્ટીને બંપર મત મળ્યા છે રાજનીતીના નિષ્ણાંતો અનુસાર આમ તો મંત્રીમંડળની સરકાર તમામ જાતિ અને સમુદાયોના લોકોની બરાબર ભાગીદારીના હિસાબથી કરવામાં આવે છે પરંતુ રાજનીતિક હિત અને ભવિષ્યની રૂપરેખા નક્કી કરતા તમામ સરકારો મંત્રીમંડળની રચના તે હિસાબથી કરે છે.

ભાજપથી જોડાયેલા સુત્રો કહે છે કે આ વખતે દિલ્હીમાં ત્રણ નામ ચર્ચામાં રહ્યાં છે શું તેમને મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવસે નહીં તેમાં સિરાથુથી ચુંટણી હારી ચુકેલા ભાજપના વરિષ્ઠ નેતા કેશવ પ્રસાદ મૌર્ય અને દિનેશ શર્માનું નામ સામેલ છે બંન્ને વરિષ્ઠ નેતાઓ ઉપરાંત ચર્ચામાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સ્વતંત્ર દેવ સિંહનું ચાલી રહ્યું છે. પ્રદેશ અધ્યક્ષ બનતા પહેલા સિંહ યોગી સરકારમાં મંત્રી હતી આ વખતે તેમની અધ્યક્ષતામાં જ ચુંટણી લડવામાં આવી અને બંપર રીતે જીત હાંસલ થઈ આ ઉપરાંત ચર્ચા રાયબરેલીની ધારાસભ્ય અદિતિ સિંહ અને ભાજપમાં તાજેતરમાં સામેલ મુલાયમસિંહ યાદવની પુત્રવહૂ અપર્ણા યાદવને પણ મંત્રીમંડળમાં સામેલ કરી શકાય છે. ભાજપના એક વરિષ્ઠ પદાધિકારીએ કહ્યું કે જે રીતે ઉત્તરપ્રદેશમાં મહિલાઓએ પાર્ટીમાં આસ્થા વ્યકત કરી ભારે મતદાન કર્યુ તે હિસાબથી મંત્રીમંડળમાં મહિલાઓની ભાગીદારી પણ હશે આથી અટકળો લગાવવામાં આવી રહી છે કે અદિતિ અને અપર્ણાને મંત્રીમંડળમાં જગ્યા મળી શકે છે.

રાજકીય નિષ્ણાંત આર એન તિવારીએ કહ્યું કે ભાજપને એ વાતનો અંદાજ છે કે દલિતોના મત આ વખતે તેમને મોટાપ્રમાણમાં મળ્યા છે.આથી પાર્ટી દલિતોને લલચાવવા માટે ખુદથી વધુથી વધુ કનેકટ કરવા માટે કોઈ પણ તક છોડવા માંગસે નહીં,આજ કારણ છે કે આ વખતે ઉત્તરપ્રદેશ સરકારમાં દલિતોની ભાગીદારી પણ વધુ રહે તેવી સંભાવના છે.તિવારી કહે છે કે જો તમે ઉત્તરપ્રદેશના આંકડા જોવો તો તમને અહેસાસ થશે કે નાના નાના પક્ષોએ પણ ખુબ સારૂ પ્રદર્શન કર્યુ છે અને ઉમેદવારો ધારાસભ્ય પણ બન્યા છે તે આધાર પર અનુમાન લગાવી શકાય છે કે પોતાના નવા મંત્રીમંડળમાં ભાજપ પછાત અતિ પછાત પર ખુબ દાવ લગાવે જેનો લાભ તેમને લોકસભાની ચુંટણીમાં મળી શકે અને મત મેળવવામાં ભાજપને સરળતા રહે.

## કોરોનાના બે વર્ષ પછી જામશે ધુળેટીનો રંગ, ભાવમાં ૩૦ ટકા સુધીનો વધારો

અમદાવાદ,

૨૦૨૦ અને ૨૦૨૧ ની હોળી કોરોના સંક્રમણના કાળમાં આવતા છેલ્લા બે વર્ષ હોળીના રંગોનો વેપાર મંદ રહ્યો હતો. ચાલુ વર્ષે અમદાવાદ સહિત ગુજરાતમાં કોરોના સંક્રમણ નિયંત્રણમાં હોવાથી નાગરિકો રંગે ચંગે હોળી ધૂળેટીની ઉજવણી કરશે. ગુજરાતમાં બે વર્ષ પછી હોળી ધૂળેટીની ઉજવણીના આયોજનો થયાં છે.



જો કે ચાલુ વર્ષે કલરના રો–મટિરિયલની કિંમતો વધતા રંગોની કિંમતમાં ૩૦ ટકા જેટલા ભાવ વધ્યા છે. ચાલુ વર્ષે કેસુડા અને ગુલાબના ફૂલો, વનસ્પતિના પાન, ઘાસ, મકાઈની છાલ અને ગો–કાષ્ટની કિંમતો વધતા હોળીના રંગો મોંઘા થયાં છે. માર્કેટમાં પાંચ રંગો વેચાણ માટે મૂકાયા છે. જેમાં નેચરલ યલો, ગુલાબી, લીલો, પીળો અને ઓરેન્જ કલરનો સમાવેશ થાય છે. ફૂલોથી બનેલા કલરની કિંમત ૧૨૦ થી ૧૫૦ રૂપિયા વનસ્પતિના પાન, ઘાસ. મકાઈની છાલથી બનેલા રંગોની કિંમત ૯૦ થી ૧૨૦ રૂપિયા કિલો છે . જ્યારે વૈદિક હોળીનો ક્રેઝ પણ સુરતમાં વધ્યો છે.

ગાયની છાણમાંથી ગો–કાષ્ટની સ્ટીક બનાવી તેનો ભૂકો કરી રંગો તૈયાર કરવામાં આવે છે . ૨૦૧૯ માં ઘોડદોડ રોડની પાંજરાપોળ દ્વારા ૬૦૦૦ રખડતા પશુઓની છાણમાંથી ગો–કાષ્ટના રંગો બનાવી વિતરણ કર્યા હતા. પાકા રંગો રસાયણોનો ઉપયોગ કરી બને છે. વાહનો અને દીવાલો રંગવા માટેના પેઈન્ટસ, ઓઈલમાંથી બને છે. તેને રંગીન બનાવવા જુદા જુદા રંગના ખનીજો અને તેનાં મિશ્રણો ઉમેરવામાં આવે છે. કપડાં રંગવાના રંગને ડાઈ કહે છે. તે પાણીમાં ઓગળે તેવા રસાયણોમાંથી બનાવાય છે.

કેટલાક રંગ ખાદ્ય વનસ્પતિ અને જુદા જુદા ફળોના સત્ત્વમાંથી બનાવાય છે. હળદર એ કુદરતી પીળો રંગ છે. રંગોનું ઉત્પાદન કરનાર ગણેશ યાદવે જણાવ્યું હતું કે, કુદરતી રંગોમાં પીળો રંગ હળદર, ભૂરો રંગ ગળી, કેસરી રંગ કેસર કે કેસૂડાં મુખ્ય છે. લીલો રંગ ઘણી વનસ્પતિનાં પાન અને ઘાસમાંથી પણ બને છે. લાલ, પીળો અને ભૂરો આ ત્રણ રંગ મુખ્ય છે તેના વધતા ઓછાં મિશ્રણથી બીજા રંગ મળે છે.

હોળીના તહેવારમાં ખજૂર, કોપરા, ધાણી અને ઘઉંની સેવ ખાવાનો મહિમા છે. માર્કેટમાં ધાણી ૧૨૦ રૂપિયે કિલો છે, ચણા ૧૨૦ રૂપિયે કિલો, કોપરા ૨૪૦ રૂપિયે કિલો અને ખજૂર ૧૦૦ રૂપિયે કિલો વેચાશે. હોળીના પર્વ દરમ્યાન પીળા કપડા, હળદર, ચાંદીના સિક્કો, ગોમતી ચક્ર અને કોડીઓનો વેપાર પણ ચાલુ વર્ષે વધશે એવી શક્યતા છે.

ફૂલ , વનસ્પતિના પાન, ઘાસ, મકાઈની છાલ અને ગો–કાષ્ટની કિંમતોના વધારાએ રંગો પર અસર કરી હોળી મોંઘી : રંગોના ભાવો ૩૦ ટકા વધ્યા હોળીના પર્વ દરમ્યાન પીળા કપડા, હળદર, ચાંદીના સિક્કો, ગોમતી ચક્ર, અને કોડીઓનો વેપાર પણ ચાલુ વર્ષે વધશે.

## રશિયાને યુદ્ધમાં યુક્રેન ભારે પડી રહ્યું છે ! રશિયાએ ચીન પાસે સૈન્ય સહિત સંરક્ષણના સાધનો માંગ્યા

મોસ્કો,

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે એક સવાલ ઉઠવા લાગ્યો છે કે શું યુક્રેન રશિયાને પછાડવા લાગ્યું છે? આવું એટલા માટે કહેવામાં આવી રહ્યું છે કારણ કે રશિયાને યુદ્ધમાં ચીનની મદદની જરૂર હતી. યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે રશિયાએ મદદ તરીકે ચીન પાસેથી સૈન્ય સાથે હથિયારોની માંગ કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમેરિકાના એક વરિષ્ઠ સૈન્ય અધિકારી દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે રશિયાએ ચીન પાસેથી સૈન્યના ઉપરાંત ડ્રોનની મદદ પણ માંગી છે.

રશિયા પાસેથી આ મદદ એવા સમયે માંગવામાં આવી છે જ્યારે ચીનને અમેરિકા દ્વારા સીધી ધમકી આપવામાં આવી છે. વાસ્તવમાં અમેરિકાએ રવિવારે ચીનને ચેતવણી આપી હતી. આ અંતર્ગત એવું કહેવામાં આવ્યું હતું કે જો ચીન આર્થિક પ્રતિબંધોનો સામનો કરી રહેલા રશિયાની



મદદ માટે આગળ આવે છે તો તેના ખરાબ પરિણામો પણ ભોગવવા પડશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે નાણાકીય પ્રતિબંધો બાદ રશિયા આર્થિક રીતે કમજોર થઈ રહ્યું છે અને તેથી તેને ચીન જવું પડ્યું. તમને જણાવી દઈએ કે અમેરિકા સહિત ઘણા મોટા દેશોએ રશિયન બેંકો પર પ્રતિબંધો લગાવ્યા છે. એટલું જ નહીં ઘણી મોટી કંપનીઓએ રશિયામાં પોતાની સર્વિસ પણ બંધ કરી દીધી છે. યુ.એસ.ની રાજધાની વોશિંગ્ટનમાં ચીની દૂતાવાસના પ્રવક્તા લિયુ પેંગ્યુએ કહ્યું કે તેઓ રશિયા પાસેથી મદદ માંગી રહ્યા છે તેની જાણ નથી. તેમને ખ્યાલ નથી કે ચીન રશિયાને મદદ કરવા પણ તૈયાર થઈ શકે છે. જો કે, પેંગ્યુએ યુક્રેનની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ચીને યુક્રેનને માનવતાવાદી સહાય આપવાનું ચાલુ રાખ્યું છે અને કરતું રહેશે. પેંગ્યુએ કહ્યું કે અત્યારે અમારી ઉચ્ચ પ્રાથમિકતા તણાવપૂર્ણ પરિસ્થિતિને વધતી અટકાવવાની છે. ચીન સંયમ સાથે મોટા પાયે માનવીય સંકટને રોકવાના પક્ષમાં છે.

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો આજે ૧૯મો દિવસ છે. બંને દેશો વચ્ચે સમાધાનનો કોઈ રસ્તો દેખાતો નથી. દરમિયાન એવા સમાચાર છે કે રશિયા અને યુક્રેન વચ્ચે ચોથા રાઉન્ડની વાતચીત એકથી બે દિવસમાં થઈ શકે છે. દરમિયાન, યુક્રેન પર રશિયાના હુમલાઓ વધુ તીવ્ર બન્યા છે. યુક્રેનના ૨૪ શહેરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. તેમાંથી ૧૯માં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. રશિયા અહીં સતત બોમ્બ વરસાવી રહ્યું છે.

## ૧૮ વર્ષ સુધીના બાળકોને મફત શિક્ષણ આપવાની તૈયારી : ધર્મેન્દ્ર પ્રધાન

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ, ૨૦૦૯માં સુધારો કરીને ૧૮ વર્ષ સુધીના બાળકોને મફત શિક્ષણની જોગવાઈ કરવાના સૂચનને કેન્દ્ર સરકાર દ્વારા સારું ગણાવ્યું છે. સરકારે સોમવારે કહ્યું કે રાજ્યોએ આ વિષય પર વાત કરવી પડશે અને કેન્દ્ર સરકાર તેની સંપૂર્ણ જવાબદારી નિભાવશે. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને લોકસભામાં કોંગ્રેસના સભ્ય મનીષ તિવારીના પૂરક પ્રશ્નના જવાબમાં આ વાત કહી.

તિવારીએ કહ્યું કે ૨૦૦૯નો કાયદો ૬ થી ૧૪ વર્ષની વયના બાળકોને મફત શિક્ષણની જોગવાઈ કરે છે, આવી સ્થિતિમાં જ્યારે ઘણા બાળકો ૯મા ધોરણ સુધી પહોંચે છે, ત્યારે શાળાઓ તેમની પાસેથી ફી માંગે છે અને તેઓને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જવાબમાં, પ્રધાને કહ્યું કે ૨૦૦૯માં તત્કાલીન કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર દ્વારા લાવવામાં આવેલા આરટીઈ કાયદામાં પૂરતી જોગવાઈઓ નથી, જેને કોંગ્રેસના સાંસદ તિવારીએ સ્વીકારી છે, તે એક આવકારદાયક બાબત છે.

પ્રધાને કહ્યું કે આ કાયદા હેઠળ બાળકોને આઠમા પછી સમસ્યાનો સામનો કરવો પડે છે, હું પણ તેનો સ્વીકાર કરું છું. તેમણે કહ્યું કે આ રાજ્યના અધિકારક્ષેત્રનો મામલો છે અને કેટલીક ખાનગી શાળાઓ ૯ થી ૧૨ ધોરણના બાળકોને મફત શિક્ષણ આપે છે. મંત્રીએ કહ્યું કે આ સૂચન સારું છે અને આજે આ ચિંતા સામે આવી છે. કોંગ્રેસ પર કટાક્ષ કરતા તેમણે એમ પણ કહ્યું કે ૨૦૦૯માં કાયદો ઘડતી વખતે પણ આ વિશે વિચારી શકાયું હોત.

## કોરોનાથી મોત પર વળતર માટેના ખોટા દાવ પર સુપ્રીમ કોર્ટ ચિંતિત

નવીદિલ્હી,

કોરોનાથી મોતના વળતર મામલે ખોટા દાવ કરતા લોકો પર સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જ્યારે અમે વળતરનો આદેશ આપ્યો હતો, ત્યારે કલ્પના પણ નહોતી કરી કે, આ પ્રકારના ખોટા દાવા પણ લોકો કરશે.

ગત અઠવાડીયે સોલિસિટર જનરલે કોર્ટને જણાવ્યું હતું કે, તેમના આદેશ અનુસાર તમામ રાજ્યોમાં વળતર આપવામાં આવી રહ્યું છે. પણ એ સમસ્યા પણ જોવા મળી છે કે, ડોકટર નકલી સર્ટિફિકેટ આપી રહ્યા છે. કોર્ટે તમામ પક્ષોને તેનાથી કેવી રીતે બચી શકાય તેના માટે સૂચનો આપવા કહ્યું છે.

વડી અદાલતે નકલી કોરોના પ્રમાણપત્ર પર અંકુશ લગાવવા માટે સૂચનો માગ્યા છે. આપને જણાવી દઈએ કે, કેન્દ્ર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ નકલી કોરોના સર્ટિફિકેટ અથવા નકલી દવાઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે પીઠને કહ્યું કે, કોર્ટના આદેશ અનુસાર હાલમાં ડોકટર્સ દ્વારા આપવામાં આવતા મૃત્યુ પ્રમાણપત્રના આધાર પર જ વળતરની રકમ આપવામાં આવે છે. જેનાથી કેટલાય લોકો કોર્ટના આદેશનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે અને ડોકટર્સને પૈસા આપીને નકલી પ્રમાણપત્રો બનાવે છે.

## ૧૨ થી ૧૪ વર્ષના બાળકોને અપાશે કોરોના રસી, સિનિયર સિટિઝન પ્રિકોશન ડોઝ લઈ શકશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે ૧૨ થી ૧૪ વર્ષની વયના બાળકોને પણ કોરોના રસી આપવાનો નિર્ણય લીધો છે. ૧૬ માર્ચથી બાળકોનું રસીકરણ શરૂ થશે. આ સાથે, ૬૦ વર્ષથી વધુ ઉંમરના તમામ લોકો હવે કોરોના રસીનો પ્રિકોશન ડોઝ મેળવી શકશે. સોમવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ટ્વીટ કરીને આની જાહેરાત કરી હતી. તેમણે બાળકોના પરિવારજનો અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને રસી અપાવવા વિનંતી કરી હતી.

આપને જણાવી દઈએ કે ૩ જાન્યુઆરી, ૨૦૨૨થી સરકારે ૧૫ થી ૧૭ વર્ષની વયના કિશોરોનું રસીકરણ શરૂ કર્યું હતું. દેશમાં આ વય જૂથના લગભગ ૭.૫ કરોડ બાળકો છે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાને ભારતમાં ૧૨ થી ૧૮ વર્ષની વયના બાળકોને કોરોના રસી આપવા માટે પહેલેથી જ મંજૂરી મળી ગઈ છે. ભારત બાયોટેકના કોવેક્સિનને પણ આ વય જૂથ માટે મંજૂરી મળી ગઈ છે. ભારતમાં કોરોના રસીકરણની સંખ્યા ૧૮૦.૧૯ કરોડને વટાવી ગઈ છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૨,૫૦૩ નવા કેસ નોંધાયા છે, જે અત્યાર સુધીના ૬૮૦ દિવસમાં સૌથી ઓછા છે. ભારતમાં સક્રિય કેસ લોડ ૩૬,૧૬૮ છે, જે ૬૭૫ દિવસમાં સૌથી ઓછો છે. સક્રિય કેસ હવે દેશમાં કુલ પોઝિટિવ કેસોમાં ૦.૦૮% છે. ભારતનો રિકવરી રેટ ૯૮.૭૨% છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૪,૩૭૭ દર્દીઓ સાજા થયા છે અને સાજા થયેલા દર્દીઓની કુલ સંખ્યા (મહામારી શરૂ થઈ ત્યારથી) હવે ૪,૨૪,૪૧,૪૪૯ છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૫,૩૨,૨૩૨ કોવિડ-૧૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ભારતે અત્યાર સુધીમાં કુલ ૭૭.૯૦ કરોડ (૭૭,૯૦,૫૨,૩૮૩) પરીક્ષણો કર્યા છે. સાપ્તાહિક અને દૈનિક પોઝિટિવ દરમાં પણ સતત ઘટાડો જોવા મળ્યો છે. દેશમાં સાપ્તાહિક પોઝિટિવ દર હાલમાં ૦.૪૭% છે અને દૈનિક પોઝિટિવ દર ૦.૪૭% હોવાના અહેવાલ છે.

## સરકાર ટેક્નોલોજીના વિકાસ માટે નિયમનકારી માળખામાં નાના-મોટા ફેરફારોની તૈયારી કરી રહી છે : અશ્વિની વૈષ્ણવ

નવીદિલ્હી,

ટેલિકોમ પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું કે સરકાર ટેક્નોલોજીના વિકાસ માટે નિયમનકારી માળખામાં નાના-મોટા ફેરફારોની તૈયારી કરી રહી છે. ટીડીએસએટી સેમિનારના ઉદ્‌ઘાટન સત્રને સંબોધતા, ટેલિકોમ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે અમે ઉદ્યોગ સાથે ‘વિરોધીલ્ર તરીકે નહીં પણ ભાગીદાર તરીકે સંપર્ક કરવા માંગીએ છીએ.

સેમિનારના ઉદ્‌ઘાટન સત્રને સંબોધિત કરતી વખતે વૈષ્ણવે કહ્યું કે અમે ઉદ્યોગ સાથે ‘વિરોધીલ્ર તરીકે નહીં પણ ભાગીદાર તરીકે સંપર્ક કરવા માંગીએ છીએ. વૈષ્ણવે કહ્યું કે, સિસ્ટમમાં દરેક જણ ફસાયેલા છે અને કેટલાક લોકો જેમની પાસે મજબૂત નૈતિક મૂલ્યો નથી, તેઓએ અગાઉ સમગ્ર ટેલિકોમ ઉદ્યોગને બદનામ કર્યું છે. વૈષ્ણવે કહ્યું, “શું આપણી પાસે સમગ્ર ડિજિટલ વિશ્વ માટે એક જ નિયમનકાર હોઈ શકે છે. આવી બાબતો સાથે આપણે કાયદાકીય માળખું, નિયમનકારી અમલીકરણ માળખા અને આપણા સરકારી સંસ્થાઓની વિચારસરણી, લોકોની તાલીમમાં નાના ફેરફારો લાવવાની જરૂર છે. ઉદ્યોગ સાથે સંવાદ ભાગીદાર તરીકે થવો જોઈએ, વિરોધી તરીકે નહીં.

તેમણે કહ્યું કે અત્યાર સુધી બહુ કામ નથી થયું. આપણે ટેક્નોલોજીના વિકાસ માટે કામ કરતા રહેવાની જરૂર છે. વધુ ને વધુ સ્ટાર્ટઅપ્સ ઉમેરવાની જરૂર છે કારણ કે આ તે બજાર છે જ્યાં ભવિષ્યના સાહસિકો બનાવવામાં આવશે. વૈષ્ણવે કહ્યું, ‘જ્યારે ૨જી અને ૩જીની વાત હતી ત્યારે અમે પાછળ



રહી ગયા હતા. અમે ૪જી પકડવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. પરંતુ ૫જી અને ૬જીના કિસ્સામાં આપણે આગળ રહેવું પડશે. જો આવું ન થાય તો આપણે એવા રાષ્ટ્રમાં રહીએ છીએ જે પ્રતિભાઓનો દેશ છે અને સમગ્ર વિશ્વ માટે દિશા નિર્ધારિત કરી શકે છે એવું કહેવાનો શું ફાયદો છે.

તેમણે કહ્યું કે આઈઆઈટી ચેન્નઈ,આઈઆઈટી -કાનપુર,આઈઆઈટી બોમ્બે અને આઈઆઈટી-બેંગ્લોર સહિત ૧૧ સંસ્થાઓના સહયોગથી માત્ર ૩૦ મિલિયનના ખર્ચે ૧૪ મહિનામાં ૪જી ટેકનોલોજી વિકસાવવામાં આવી છે. ટેલિકોમ સેક્ટરની મોટી કંપનીઓ દ્વારા આ ટેક્નોલોજીના વિકાસ પરના ખર્ચનો આ ખૂબ જ નાનો હિસ્સો છે. વૈષ્ણવે કહ્યું કે હવે ૩૫ ભારતીય ટેલિકોમ કંપનીઓ વિદેશી બજારોમાં તેમના ઉત્પાદનોની નિકાસ કરવાની તૈયારી કરી રહી છે. ભારતીય પ્રતિનિધિઓ આજે ભાવિ ૫૫ અને ૬૫ ટેક્નોલોજીના વિકાસ માટે ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન હેઠળના સૌથી મહત્વપૂર્ણ અભ્યાસ જૂથોનું નેતૃત્વ કરી રહ્યા છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કોકીલાબેન જસવંતસિંહ બારીઆ

મુ.સુડીયા, તા.લીમખેડા જી.દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

લબાના ઉદેસિંહ અભેસિંહ મછેલાઈ

મુ.મછેલાઈ પસાયતા ફળીયું, તા.લીમખેડા, જી.દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

લક્ષ્મણસિંહ વિરસીંગભાઈ મોહનીયા

મુ.વલુન્ડી થાણા ફળીયું, તા.લીમખેડા, જી.દાહોદ

ઘી ભલાડા સેવા સહ મંડળી

: ચેરમેનશ્રી :
રમણભાઈ એન. પટેલ
(વાઈસ ચેરમેનશ્રી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેન્ક લિ)

: સેક્રેટરી : શ્રી ડાહ્યાભાઈ પંચાલ

: સંચાલક : શ્રી મચંકભાઈ સેવક

મુ.ભલાડા, તા.લુણાવાડા, જી.મહીસાગર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# કડાણા ડાબા કાંઠા કેનાલનું પાણી સોનેલા પાસે ઉભરાતા ખેડૂતોને ચણાના પાકમાં નુકશાન



નાના સોનેલા રોડ પાસે બે પાંખાં પડે છે એક ભેંસાવાડ રાવરા તળાવમાં જાય છે ત્યાં ચાર ઘેટ છે જે ખેડૂતો જાતે ઓપરેટ કરે છે. ઉપરના ભાગમાં પાણી ચઢાવવા માટે ચારે ઘેટ બંધ કરે છે જેથી કેનાલ ઓવરફ્લો થતા અમારા વિસ્તારમાં પણી ભરાયું જેથી ચણા પાકમાં મોટું નુકશાન થયું અને અમે મગ પણ નથી કરી શકતા આ બાબતે કર્મચારીઓ ને વાત કરી પણ કઈ ગણકારતા નથી અને હવે કોઈ પણ ખેતી થઈ શકે તેમ નથી.
**લાલસિંહ જાદવ,ખેડૂત સોનેલા.**

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના અનેક વિસ્તારમાં કેનાલ ઓવરફ્લો તથા ગાબડાં પડવાનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. જેમાં લુણાવાડા તાલુકાના સોનેલા ગામ પાસે કડાણા ડાબા કાંઠા કેનાલ ઉભરાતા બાજુના ખેતરમાં ચણાના ઉભા પાકમાં પાણી ફરી વળ્યું હતું.

મહીસાગર જિલ્લામાં નહેરોને લઈ ખેડૂતો ખેતી કરતા થયા છે. કડાણા ડાબા કાંઠા કેનાલ દ્વારા લુણાવાડા સહિતના તાલુકાઓમાં પાણી માટે નહેર આવતાં ખેડૂતો ખેતી કરી પોતાનું જીવન ગુજારી રહ્યા છે. જો કે જિલ્લાની કેનાલો વારંવાર તૂટવા તથા ઓવરફલોના કારણે ખેડૂતોને મોટુ નુકશાન થઈ રહ્યુ છે. છાછવારે તૂટતી કેનાલોને લઈ ખેડૂતોના ઊભા પાક નસ્ટ થઈ જતાં ખેડૂતો નુકશાન વેઠી રહ્યા છે. ત્યારે આજે લુણાવાડા તાલુકાના સોનેલા ગામ પાસે કેનાલ ઓવરફ્લો થતા લાખો લિટર પાણી ખેતરોમાં વહી ગયું હતું જેને લઈ ખેડૂતો રોષે ભરાયાં હતા. એક બાજુ કેનાલોમાં પાણી બંધ કરવાની વાત થઈ રહી છે બીજી તરફ ખેડૂતોના પાકોને પણ પાણીની જરૂરિયાત છે. ત્યારે ખેડૂતો દ્વારા કેનાલ પરનો ઘેટ જાતે ઓપરેટ કરતા અને પોતના વિસ્તારમાં પાણી ચઢાવવા ગેટ બંધ કરતા કેનાલ ઓવરફ્લો થતા સોનેલાના ખેડૂતોના ચણાના ઉભા પાકમાં પાણી ફરી વળતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા.

# મહીસાગર જિલ્લા ૩૧૪૦ ખેડૂતો માટે ૧૦૪૬ ટેકાના ભાવે ખરીદી શરૂ

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં ઓછા વરસાદના કારણે આ વર્ષે ચણાનું વાવેતર ગત વર્ષ કરતા આ વધું થયુ છે. ત્યારે હાલ ચણાની સીઝન પુરી થતા લણણી કામ શરૂ છે. ત્યારે મણના રૂ.૧૦૪૬ લેખે ટકાના ભાવ સરકાર દ્વારા APMC તથા તાલુકા ખરીદ-વેચાણ સંઘના માદયમથી જિલ્લામાં ખરીદી શરૂ કરવામાં આવી છે. લુણાવાડા તાલુકા સંઘ તથા વીરપુર,ખાનપુર માર્કેટીંગ યાર્ડ સહિત તમામ યાર્ડોમાં જિલ્લાના કુલ નોંધાયેલા ૩૧૪૦ ખેડુતો પૈકી આજે પ્રથમ દિવસે દરેક યાર્ડમાં ખેડુતોની ચણાની ખરીદી કરવામાં આવી હતી. ખાનપુરના તાલુકાના લીંબડીયા માર્કેટીંગ યાર્ડ ખાતે ગઈકાલે ધારાસભ્ય જીજ્ઞેશ સેવક,APMC ના ચેરમેન રાકેશ પંડ્યા, મહામંત્રી પ્રદીપસિંહ રાઠોડ તેમજ તાલુકાન ખેડૂતોની ઉપસ્થિતિમાં ટેકાના ભાવે ચણાની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સરકારના પુરવઠા નિગમ અને પુરવઠા વિભાગ દ્વારા આ વખતે આ કામગીરી નથી થતી. પરંતુ જિલ્લા તાલુકા ખરીદ - વેચાણ સંઘ APMC જેવી સહકારી સંસ્થાને ગુજકોમાસોલ દ્વારા એજન્સી તરીકે નિયુકત કરીને જિલ્લામાં આ કામગીરી હાથ ધરાઈ છે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા



**બોર પ્રાથમિક શાળા તા.વિરપુર ખાતે સ્પોર્ટ વીકની ઉજવણી કરવામાં આવી. જેમાં ખો-ખો, કબડ્ડી, ગોળાફેક, વોલીબોલ, લોટ ફૂકણી, કોથળા દોડ, ત્રિપગી દોડ, ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, વજન-ઉંચાઇ કરવી, ઊંચી કૂદ લાંબી કૂદ જેવી રમતો બાળકોને રમાડવામાં આવી. જેમાં શાળાના તમામ બાળકોએ ભાગ લીધો અને કાર્યક્રમની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી.**

# સંતરાપુરના બટકવાડા ગામે આમલી અગિયારસનો મેળો યોજાયો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના બટકવાડા ગામ બે વર્ષ પછી આમલી અગિયારસ નો આજે મેળો યોજાયો હતો. જેમાં સંતરામપુર તાલુકાના આજુબાજુ ગામડા ના મેળામાં આનંદ માણવા માટે માનવ મહેરામણ ઉમટી પડયો હતો. બટકવાડા ગામ એ સૌથી જૂનું શિવ મંદિરમાં દર્શન કર્યા હતા. સવારથી જ મંદિરમાં દર્શન કરવા માટે ભીડ જોવા મળી હતી. બે વર્ષ પછી મેળો પડાતા લોકોમાં ખુશી અને આનંદ જોવાઈ રહ્યો હતો. જેના કારણે સવારે સંતરામપુર તાલુકાની પ્રાથમિક શાળાઓ પણ સવારની કરવામાં આવેલો હતો. તેનો ફેરફાર કરાયો હતો.

## ઘરવેરો ભરો અને રાહતનું કાર્ડ બનાવી લો

# દે.બારીયા તાલુકાના આઠ- આઠ માસથી રાહતના રેશનકાર્ડ બનાવવામાં પણ સરકારી બાબુઓની મનમાની

દે.બારીયા,
દાહોદ જીલ્લાનો મોડેલ રૂપી તાલુકો એટલે દે.બારીયા તાલુકાને ઘોષિત કરાયો છે શું ? દાહોદ જીલ્લાના બીજા તાલુકામાં રાહતના રેશનકાર્ડ બનાવવા માટે ઘરવેરો ભરવો ફરજીયાત કરાયો છે. ખરો તે એક મોટો પ્રશ્નાર્થ ચિન્હ છે. ગુજરાતની સંવેદન અને ગતિશીલ સરકાર એટલે ભાજપા સરકાર જેમાં અનેક વિકાસલક્ષી યોજના બહાર પાડવામાં આવી રહી છે. જેમાં મુખ્ય ગરીબલક્ષી યોજના એટલે આમ ગરીબો માટેની યોજના એટલે એનએફએસએ એટલે નેશનલ ફુડ સેકયુરીગ એકટનો લાભ મેળવા માટે છેલ્લા આઠ માસથી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો નથી. જ્યારે ગતિશીલ સરકારે અન્ન નાગરિક પુરવઠા વિભાગ માટે રૂા.૧,૫૨૬ જોગવાઈ કરતા નાણાં મંત્રીએ કહ્યું હતું કે હવેથી તેની સબસીડીની રકમ બમણી કરીને રૂા.૫૦/-ના ભાવે એક હેતુ તુવેરદાળનું વિકાસશીલ તાલુકાઓમાં એક કીલો ચણાનું વિતરણ કરવા માટે રૂા.૨૭૫/-કરોડની સબસીડીની જોગવાઈ કરી છે. જ્યારે બીજી બાજુ આનાથી વિપરીત આ સરકારનો રહેહનજરો તળે સેવા બજાવતા સરકારી બાબુઓ પોતાની નોકરશાહીનો રાજ ચલાવી રહ્યા છે. તેની કોઈપણ ઉચ્ચપદના અધીકારીઓને જાણના હોય તો જાણવું જરૂરી છે. અને સરકારનો ચલાવતા નેતાઓ પોતપોતાના મત વિસ્તારમાં શું ? આપું ચાલે છે તેની તપાસ રાખો દે.બારીયા વિકાસશીલ તાલુકામાં છેલ્લા આઠ-આઠ માસ થવા ચાલ્યા તેમ થતાં એન.એફ.એસ.એ. યોજનામાં ગરીબ પરીવારોએ મામલતદાર ઓફિસે અરજીઓ કરી હોવા છતાં કોઈના પણ કાર્ડ બનાવાયા આવ્યા નથી અને અરજીઓનો શહેરી વિકાસ ભવન ખાતને મોકલી આપીને ઠંડા બગસામાં અરજીઓને નાખી દીધી છે. અને અહીંયા ગરીબોને સરકાર લાભ આપવા ઘોષણઓ કરે છે અને ગરીબો પાસે ખાવાના ઠેકાણા નથી ને નગર પાલિકાના સી.ઓ. ઘરવેરો ભરો અને એન.એફ.એસ.એ.ની અરજી પર મોહર લગાવો તેવું દબાણ કરી રહ્યા છે. તે કેટલું વ્યાજબી છે. ખરું ? તેની ઉચ્ચસ્તરે તપાસ થવી જોઈએ. એક તરફ મોંઘવારીનો માર બીજી તરફે કોરોનાની મંદીનો સમય અને હવે પડતામાં પાટુ મારી ચુકેન વોર આ ત્રણે બાજુનો ગરીબ પરિવારો માટે કલ્યાણકારી યોજનાનો લાભ ભાજપ સરકારી આપે છે. ત્યારે સરકારી બાબુઓ પોતાની મનમાની ચલાવી રહ્યા છે. અને ગરીબ કુટુબોના એન.એફ.એસ.એ. યોજનાનો લાભ લેવા માટેની અરજીઓને ઘરવેરા ભરાવવા કેટલા વ્યાજબી છે. ખરા ? તે જીલ્લા પદના અધિકારીઓ અને ભાજપ સરકારના જીલ્લાના પ્રભારીઓ આ અંગે ગરીબોને વ્હારે આવે તેવું ગરીબ પરિવારો ઈચ્છી રહ્યા છે. અને ઘર વેરા ભરાવ્યા વગર શું ? સંવેદન અને ગતીશીલ સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ કેમ ના મળી શકે તે એક ગંભીર સવાલનો જવાબ મેળવો આસાન છે. ખરો...?

# દે.બારીઆ તાલુકામાં વીજ કંપનીએ વીજ બીલ પેટે ૮ લાખની વસુલાત કરી

દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકામાં ૧૩૮ વીજ ગ્રાહકોના વી બિલના બાકી નાણા ન ભરાતાં એક્શનમાં આવેલ એમ.જી.વી.સી.એલ. દ્વારા ૮ લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવી હતી તેમજ ૩૩ ગ્રાહકોના વીજ વીજ મીટર તેમજ વીજ સર્વિસ વાયર કબજે લીધા હોવાનું જાણવા મળી રહ્યું છે. તારીખ ૧૨.૩.૨૦૨૨ના રોજ દેવગઢ બારીઆ સબ ડિવીઝન પેટા વિભાગીય કચેરી તાબા હેઠળના તાલુકાના ગામોમાં બોર્ડરવિંગના સુરક્ષા કર્મી સાથે રાખી વીજ બીલના બાકી લેણાની વસુલાત કરવામાં આવી હતી જેમાં ૧૩૮ ગ્રાહકોના વીજ બિલના બાકી લેણાની રકમ ૮.૦૦ લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવી હતી. ૦૯ ગ્રાહકોના બીજ બીલના બાકી લેણાની રકમ ૧.૦૧ લાખ સ્થળ ઉપર ભરપાઈ ના કરતાં વીજ થાંભલા પરથી વીજ પુરવઠો વીજ વાયર કાપી બંધ કરી દેવામાં આવ્યાં હતાં તેમજ ૩૩ ગ્રાહકોના વીજ બીલના બાકી લેણાની રકમ રૂા. ૧.૮૨ લાખ સ્થળ પર ભરપાઈ ન કરતાં તેઓના વીજ મીટર તેમજ વીજ સર્વિસ વાયર કબજે કરવામાં આવ્યાં હતાં. સદર કાર્યવાહી તારીખ ૩૧.૦૩.૨૦૨૨ સુધી સઘન ઝુંબેશ તરીકે ચાલુ રાખવામાં આવનાર હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

# દાહોદમાં આપ પાર્ટી દ્વારા પંજાબમાં વિજયને લઈ તીરંગા વિજય યાત્રા કાઢી

દાહોદ,
દાહોદ શહેરમાં આજરોજ આમ આદમી પાર્ટી દ્વારા પંજાબમાં આમ આદમી પાર્ટીનો થયેલ ભવ્ય વિજય સંદર્ભે તિરંગા વિજય યાત્રા કાઢવામાં આવી હતી. આ યાત્રામાં મોટી સંખ્યામાં આમ આદમીના આગેવાનો સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આમ આદમની આગેવાન દ્વારા ભાજપ અને કોંગ્રેસ પર આકરા પ્રહારો પણ કર્યાં હતાં જેમાં ભાજપ અને કોંગ્રેસનો છેડો ફાડી જનતા જનાર્દન આમ આદમી પાર્ટીને મોકો આપી રાજ્ય અને દેશને નવી દિશા તરફ લઈ જવા જાહેર જનતાને અનુરોધ કર્યો હતો.

# મહીસાગર જિલ્લાના ડોકેલાવ ગામની દુધ ઉત્પાદક સહકારી મંડળીએ દુધઘર સહાય યોજનાનો લાભ મેળવી નવિન દુધઘરનું નિર્માણ કર્યુ





તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
ગ્રામીણ ભારતના અર્થતંત્રને મજબુત અને સજ્જ બનાવવામાં સિંહફાળો આપનાર દેશની કરોડરજ્જુએટલેખેતી તેની સાથે પુરક પાંગરેલો વ્યવસાય પશુપાલન.જેમાં મહીસાગર જિલ્લાનો પુશપાલન વ્યવસાય પંચામૃત દુધ ડેરી અને અમુલ ડેરીમાંદુધ ઉત્પાદન શ્રેત્રમાં અગ્રેસર રહેવા પામ્યો છે. પશુઓના પોષણ, સંવર્ધન, આરોગ્ય અને વૈજ્ઞાનિક ઢબે પશુપાલનના વ્યવસાય થકી પશુપાલકોને આર્થિક રીતે વધુ સદ્ધર બનાવવા રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સમયબદ્ધ આયોજન કર્યું છે જેના પરિણામે આજે પશુપાલકો પશુપાલનને શ્રેષ્ઠ વ્યવસાય તરીકે પસંદ કરી રહ્યા છે. રાજ્યની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દુધઘર, ગોડાઉન, બલ્ક મિલ્ક કુલર, ઓટોમેટિક મિલ્ક કલેક્શન સીસ્ટમ સહિતની ડેરી ઉદ્યોગ માટે માળખાકીય સુવિધાઓરાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ પૂરી પાડવામાં આવે છે. તો આવી જ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની ડોકેલાવ ગામની દુધ ઉત્પાદક સહકારી મંડળીની વાત જાણીએ.

મહીસાગર જિલ્લામાં દુધ મંડળીઓ માટે દુધ ઘર તથા ગોડાઉન સહાયની યોજના ગ્રામ્ય વિસ્તારના પશુપાલકો માટે સુવિધા રૂપ બની રહી છે. ડોકેલાવ ગામની દુધ મંડળીએ આ યોજના અંતર્ગત દુધ ઘર માટે નવિન મકાનનું નિર્માણ કર્યુ છે દુધ મંડળીના સેક્રેટરી બિરેન પટેલ જણાવે છે કે, અગાઉ દુધ મંડળીના જુના અને જર્જરીત મકાનમાં પશુપાલકોને દુધ ભરતી વખતે અગવડ વેઠવી પડતી હતી. ખાસ કરીને ચોમાસાના સમયગાળામાં એક સમયે દુધ મંડળી પર દુધ ભરવા આવેલા પશુપાલકો પારાવાર મુશ્કેલીનો સામનો કરતા હતા. આ ઉપરાંત મકાનમાં સુવિધાના અભાવે આધુનિક મશીનરી મુકવા માટે પણ જગ્યાનો અભાવ નડતો હતો. ત્યારે સરકારના પશુપાલન વિભાગની દુધઘર સહાય યોજના અંતર્ગત રૂા.૫ લાખની તેમજ પંચામૃત ડેરી તરફથી રૂા.૩૦ હજારની સહાય મળતા ડોકેલાવ દુધ ઉત્પાદક સહકારી મંડળીએ નવુ મકાન બનાવ્યું છે. દુધઘરનુનવુ મકાન બનતા સભાસદોને સુવિધાના અભાવે પડતી મુશ્કેલીઓનો અંત આવ્યો છે. વહીવટી કાર્યાલય, બલ્ક કુલર રૂમ, પશુઆહાર રૂમ, મિલ્કકલેકશન-ટેસ્ટીંગ અને કોમ્પ્યુટર રૂમ, શૌચાલયની સુવિધા ઉભી કરવામાં આવી છે. વધુમાં સેક્રેટરીએ સરકારની પશુપાલનની વિવિધ યોજનાઓનો લાભ લઈ પશુપાલકોએદુધ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કર્યો છે ત્યારે આ સુવિધા યુક્ત દુધ ઘર સભાસદો માટે ઉપયોગી નિવડશે, તેમણે સરકારનો તેમજ પંચામૃત ડેરીનો આયોજનાનો લાભ આપવા બદલ ડોકેલાવ દુધ મંડળીના હોદ્દેદારો અને પશુપાલકો વતી આભાર વ્યક્ત કર્યો હતો.

જિલ્લા નાયબ પશુપાલન નિયામકએ જણાવ્યુહતું કે, પાત્રતા ધરાવતી દુધમંડળીઓને આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન કરેલઅરજી મંજુર થતા દુધ ઘર તેમજ ગોડાઉન સહાયની યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં વર્ષ ૨૦૨૦૨૧ માં ૦૩ દુધઘર અને ૦૩ ગોડાઉન માટે કુલ રૂા.૩૦ લાખની સહાય આપવામાં આવી છે. સાથે સાથે વર્ષ ૨૦૨૧-૨૨ માં ૦૫ દુધ ઘર અને ૦૫ ગોડાઉન માટે કુલ રૂા.૫૦ લાખની સહાય મંજુર કરવામાં આવી છે. તેમાંથી રૂા.૧૨.૨૫ લાખની સહાયની ચુકવણી કરાઈ છે. આમ જિલ્લામાં દુધ મંડળીઓની માળખાકીય સુવિધાઓ માટે સરકારની સહાય યોજના પશુપાલકો માટે લાભદાયી બની રહી છે.

# ગોધરા ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તનાવમુકત પ્રબંધનના વિષય પર શિબરનું આયોજન કરાયું



ગોધરા,
સ્કૂલ ઓફ નર્સિંગ ગોધરા તથા બ્રહમાકુમારીઝ ગોધરા દ્વારા ભારત દેશની આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તનાવમુકત પ્રબંધનના વિષય પર ત્રણ દિવસીય શિબરનું આયોજન નર્સીંગ સ્કૂલ ગોધરા ખાતે તા.૧૪/૦૩/૨૨ થી કરવામાં આવ્યુ છે.

આ શિબિરમાં સિવિલ હોસ્પિટલમાં કોવિડ-૧૯ વિભાગસહિત ફરજ બજાવતા નર્સ બહેનો તેમજ નર્સિંગ સ્કૂલના સ્ટુડન્ટો મળી લગભગ ૧૫૦ જેટલા બહેનો અને નનર્સિંગ સ્કર્લના પ્રિન્સિપાલ શ્રીમતી શારદાબેન તથા ટ્યુટર મેડમો અને સિવિલ હોસ્પિટલના મેટ્રન મેડમ હસુબેન, સરોજબેન મીનાબેન પટેલ તથા સ્ટાફ વગેરે ઉપસ્થિત રહયા હતા.

આ કાર્યક્રમમાં બ્રહમાકુમારીઝ સંસ્થાના વરિષ્ઠ બ્રહમાકુમાર શૈલેષભાઈએ સફળ સંચાલન કરતા જણાવ્યુ હતુ કે સ્વ સુરક્ષા કરવા રાજયોગ દ્વારા પોઝીટીવ ઓરા ના વાયબ્રેશન ફેલાવવાની ઘણી જ જરૂરિયાત છે. તેના માટે પ્રતિદિન રાજયોગ અભ્યાસ કરવો જોઈએ તો જ તનાવમુક્ત પરિસ્થિતિ દૂર થશે.

કાર્યક્રમની શરૂઆતમાં બ્ર.કુ.ઈલાબેને સંસ્થાનો પરીચય આપી જણાવ્યું હતું કે રાજયોગ દ્વારા તનાવમુકત રહી માનસિક શાંતિ પ્રાપ્ત કરી શકાય છે. આ માટે આવી શિબિરનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

# ગરબાડા તાલુકાના ભીલ સમાજમાં હોળી પર આવતી દશમ અને આમલી અગિયારસનું અનેરૂ મહત્વ

ગરબાડા,
ગરબાડા તાલુકામાં વસવાટ કરતા ભીલ સમાજ માં હોળી પર આવતી દશમ અને આમલકી અગિયારસનું પારંપારિક અનેરૂં મહત્વ છે વર્ષ દરમિયાન કોઈ સ્વજનનું મૃત્યુ થાય તો તે મરણ પામેલ સ્વજનની અસ્થિ માટીની કુલડીમાં મૂકી તેના પર કપડું બાંધી ખેતર અથવા ઘરની આસપાસ ઝાડ નીચે દાટી દેવામાં આવે છે તેમજ હોળી પર આવતી ફાગણ સુદ દસમના પોતાના પરિવાર અને સગા વાલા ને તેડી જમીનમાં દાટેલ અસ્થિ ફુલ બહાર કાઢવામાં આવે છે અને મૃતક સ્વજનોના ફોટા પર ફૂલહાર ચડાવી દિપક અગરબત્તી પ્રગટાવી અને એક થાળીમાં અસ્થિ ફુલ મૂકી તેમાં ગાયનું દૂધ હળદર નાખ્યા બાદ પરિવારજનો આ અસ્થિ ફૂલને ધોવે છે અને યથાશક્તિ દાન પણ આ પાત્રમાં જ કરે છે જે દાનની રકમ થી બુંદી અથવા તો અથવા તો બેન ભાણેજો ને કપડાં વાસણ જેવી વસ્તુ ખરીદી આપવા નો પણ રિવાજ છે અને વિધિવત રીતે પૂજન કાર્ય સંપન્ન કરવામાં આવે છે અને બીજા દિવસે એટલે કે આમલકી અગિયારશે વિસ્તારના મોટાભાગના લોકો વહેલી સવારના પહેલા પહોરમા રામ ડુંગરા ખાતે આવેલ ભીલ કુંડમાં ઢોલ સાથે વાજતે-ગાજતે પૂર્વજોની અસ્થિ ઓનું વિસર્જન કરે છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**દાહોદના રામાનંદ પાર્ક ખાતે ફાગ દિવસની ઉજવણી કરી. જેમાં યોગ સમિતિની મહિલાઓ ભેગા થઈ રંગે ચગે ફાગ દિવસની ઉજવણી કરી અને આ કાર્યક્રમમાં એક મહિલા રાધા બની અને એક મહિલાએ ક્રિષ્નાનું વેશ ધારણ કર્યો હતો.**



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર તાલુકાના લીમડા મુવાડી ગામે પીકપ ગાડી અને મોટરસાયકલ સાથે પીકપ ગાડીના સેન્ટરની વચ્ચે ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો મોટરસાયકલ સવાર ના બે યુવાનો હાડાની સરસણ હોવાનો જાણવા મળેલું છે બંને યુવાનો અડધો કિલોમીટર કરાયા હતા બંને યુવાનોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતા આ ઘટના બનતા જ આજુબાજુના ગ્રામજનો દોડી આવેલા હતા ગામજનોએ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.**

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે.

વૃષભ : આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે. તમે તમારી સિદ્ધિઓ પણ જોઈ શકો છો.

મિથુન : તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. કારકિર્દી અને વ્યવસાયની દ્રષ્ટિએ તમને સફળતાનો સ્વાદ મળશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો.

કર્ક : ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો. આમાંની કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે અને કેટલીક તમારી પ્રકૃતિને કારણે ઊભી થાય છે.

સિંહ : તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે. લાગે છે કે હવે ધીરે ધીરે તમારું નસીબ તમને ટેકો આપશે.

કન્યા : આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે. તમે તમારા જીવનધોરણમાં સુધારો કરવા માટે આજે શોપિંગ મૂડ બનાવી શકો છો.

તુલા : આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવ આ સમયે તમારા પર વર્ચસ્વ નાથવા દો. ખૂબ જ ટૂંક સમયમાં સમય બદલાશે અને બધુ જ પહેલા જેવું પરફેક્ટ થઈ જશે.

વૃશ્ચિક : આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.

ધનુ : આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે હંમેશા તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબદ્ધ છો. આજે પણ તે ચિંતા તમને પરેશાન કરી શકે છે.

મકર : મકર રાશિના લોકો માટે આજનો દિવસ ઈચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી ધંધો નિયમિત રહ્યો નથી.

મીન : આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે. જો તમે કોઈ સંશોધન કાર્યમાં સામેલ છો તો તમને ફાયદો થશે. રોકાયેલા નાણાં મુશ્કેલીથી પ્રાપ્ત થશે. રોજિંદા કામમાં નિરાશા ના લાવો, અન્યથા નુકસાન થઈ શકે છે. રાત્રે શુભ પ્રસંગોમાં જવાનો અવસર મળશે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આઝાદી નો
અમૃત મહોત્સવ




# રમતગમત ક્ષેત્રે વિશ્વસ્તરની વ્યવસ્થા અને સર્વશ્રેષ્ઠ સુવિધા સાથે મેદાન મારશે ગુજરાત

ગુજરાત સ્પોર્ટ્સ પૉલિસી 2022-2027માં રમતગમતના વિકાસ માટે વિશ્વસ્તરની વ્યવસ્થા અને સર્વશ્રેષ્ઠ સુવિધા સાથે દૂરંદેશીભર્યો અભિગમ પણ છે. વિશ્વકક્ષાના રમતવીરો અને પ્રશિક્ષકો તૈયાર કરવાની પરિકલ્પના સાથે વૈશ્વિક માપદંડો સાથેની આંતરમાળખાકીય વ્યવસ્થા ઉભી કરાઈ રહી છે. આ પૉલિસી રમતગમત પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમ, વ્યવસ્થાપન, સંગઠનોની રચના અને ખેલ ઉપકરણોના ઉત્પાદન જેવી બાબતોને પણ ઉજાગર કરશે. ગુજરાતને 'સ્પોર્ટ્સ ટુરિઝમ હબ' અને રમતગમતના રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના આયોજનો માટેના આદર્શ સ્થળની ઓળખ આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે આ પૉલિસી.

## પૉલિસીના અગત્યના પાસાઓ

**રમતગમતની માળખાકીય સુવિધાઓ**
ઓલિમ્પિક સ્તરની રમતગમતની સુવિધાઓ

**સ્પોર્ટ્સ ઇન્ક્યુબેટર**
રમતગમત ક્ષેત્રે સૌપ્રથમવાર સ્ટાર્ટ અપ્સ માટેનું અનુકૂળ વાતાવરણ

**આંતરરાષ્ટ્રીય સંમેલનો**
આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ સંમેલનોનું રાજ્યમાં આયોજન

**દિવ્યાંગો માટે સ્પોર્ટ્સ**
રાજ્યમાં સૌપ્રથમવાર દિવ્યાંગ રમતવીરો માટે HPC નું આયોજન

**રમતગમતના સાધનોનું ઉત્પાદન**
રાજ્યમાં રમતગમતના સાધનોના ઉત્પાદનના એકમો ઊભા કરવા

**એથ્લિટ કલ્યાણ**
રાજ્યમાં એથ્લિટ કલ્યાણ યોજનાનો અમલ

**રમતગમત સ્પર્ધાઓ**
વિવિધ રમતો માટે અમેચ્યોર અને પ્રોફેશનલ રાજ્યકક્ષાની સ્પોર્ટ્સ સ્પર્ધાનું આયોજન

**કોચને માર્ગદર્શન**
સૌપ્રથમવાર કોચનું મૂલ્યાંકન અને કોચની કારકિર્દીનું માર્ગદર્શન

**હાઈ પરફોર્મન્સ સેન્ટર્સ**
રાજ્યમાં વિશ્વસ્તરીય હાઈ પરફોર્મન્સ સેન્ટર્સ ઊભા કરવામાં આવશે

**સસ્ટેનેબિલીટી**
કાર્બન ન્યુટ્રલ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નેટ ઝીરો સ્પોર્ટ્સ સમારોહનું આયોજન

**ગ્રાસરૂટ સ્પોર્ટ્સ**
અંતરિયાળ જગ્યાઓથી પ્રતિભાને શોધવા અને વિકસાવવા માટે એશિયાનો સૌથી વિશાળ મેળો - ખેલ મહાકુંભ

**નાણાકીય વળતર**
સામાન્ય ખેલાડીઓ તથા દિવ્યાંગ ખેલાડીઓને એકસમાન અને યથાયોગ્ય વળતર

**ડેટા એનાલિસિસ અને સ્પોર્ટ્સ સાયન્સ**
સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા ડેટા એનાલિસિસ અને સ્પોર્ટ્સ સાયન્સના મોડ્યૂલ્સનો અમલ

**સંચાલન**
ITના ઉપયોગથી રમતગમતનું પારદર્શી, સમયબદ્ધ અને પેપરલેસ સંચાલન

**આદિજાતિઓની તથા સ્થાનિક રમતો**
પારંપરિક રમતોને પ્રોત્સાહન

**નીતિમત્તા અને પ્રામાણિકતા**
નશાના દૂષણ તથા જાતિય શોષણને ડામવા નીતિ નિયમોનો કડક અમલ

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ઘોઘંબામાં ખેતીવાળી જમીનમાં ચાલતાં ઈંટોના ભઠ્ઠા સામે તંત્ર જવાબદાર પગલા ભરશે ખરા ??


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના વાડીનાથ ગામે જી બ્રિક્સ નામ નો ઈંટો નો ભઠ્ઠો ચલાવતો સમશૂલ પઠાણ ખુલેઆમ કેમિકલ તથા બાળ મજૂરો નો ઉપયોગ કરી ઈંટ ઉત્પાદન કરતો હોવાનો વિડીયો અને ફોટોગ્રાફ્સ સામાન્ય નાગરિકથી લઈ અધિકારીઓ પાસે પહોંચ્યો છે છતાં પણ તંત્ર દ્વારા સમશૂલ પઠાણ ઉપર કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી ભણવાની ઉંમરે બાળકોના મા-બાપ ને લોભ લાલચ આપી મંજૂરી કરાવનાર સમશૂલ પઠાણ વાડીનાથ માં ફૂલ્યોફાલ્યો છે રૂપિયાના જોરે ગરીબોને બંધક બનાવી તેમના કુમળા બાળકોને મજૂરી કરવા પ્રોત્સાહન આપતા સમશૂલ પઠાણ સામે તંત્ર નતમસ્તક થઈ ગયું છે અધિકારીઓને ખિસ્સામાં અને શ્રમજીવીઓને પગની જૂતી સમજતા આ ભઠ્ઠા માલિક સામે કાર્યવાહી કરવામાં તંત્ર કેમ પાછી પાની કરી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ કેટલીક સરકારી ગાડીઓ આ ભઠ્ઠા ઉપર આવી હતી અને સમશૂલ સાથે ઓફિસમાં બેસી રહા નાસ્તો કરતા અને એકબીજાને હાથતાળી આપી હસી મજાક સાથે વાતો કરતા લોકોની નજરે ચડયા હોવાની ચર્ચાઓ ગામમાં ઉઠવા પામી છે જો તંત્ર આ બાબતે ન્યાયિક તપાસ માટે ગયું હોય તો સમશૂલ પઠાણ સામે શું કાર્યવાહી કરી? જે જમીન ઉપર ભઠ્ઠો ચાલે છે તે N.A. કરવામાં આવ્યો છે કે નહીં ફળદ્રુપ જમીન ઉપર ભઠ્ઠો બાંધવાની પરમીશન કોણે આપી? ગ્રામ પંચાયતે આ બાબતે ઠરાવ કર્યો છે કે કેમ? તેવા અનેક મુદ્દાઓ સમશૂલ પઠાણને કાયદાના સકંજામાં લઈ શકે છે. ત્યારે તપાસના નામે ભઠ્ઠા માલિક પાસે ચા-નાસ્તાની પાર્ટી કરી ઠઠ્ઠા-મશ્કરી કરી ચાલ્યા જનાર તંત્ર પાસે ન્યાયની આશા રાખી શકાય ખરી...???

## શ્રીજી બ્રિક્સમાં બાળ મંજુર છતાં અધિકારીઓ તપાસ કરતાં ખચકાઈ રહ્યા છે... કેમ ?

વાડીનાથ ગામે શ્રીજી બ્રિક્સમાં નાના બાળકો પાસે બાળ મજુરી કરાવવામાં આતી હોય તેવા અહેવાલ અખબારમાં ફોટોગ્રાફી સાથે પ્રસિદ્દ થવા છતાં વહીવટી તંત્રના પેટનું પાણી હાલ્યું નથી. તે જોતાં શ્રીજી બ્રિક્સ નામથી ઈંટોના ભઠ્ઠો ચલાવતા આ વ્યક્તિના એવા તો કયા છેડો અધિકારીઓ સુધી અડી રહ્યા છે કે બાળ મજુરી જેવા અપરાધમાં પણ કાર્યવાહી કરવા તૈયાર નથી શું. વહીવટી તંત્રની અધિકારીઓથી ઉપર આ ઈંટોના ભઠ્ઠો ચલાવતા વ્યક્તિની પહોંચે છે કે પછી તપાસ માટે આવતા અધિકારીઓ નોટોના બંડલના વજન થી દબાઈને કાર્યવાહી કરવાનું ટાળી રહ્યા છે.

- બાળમજૂરી કરાવનાર શ્રીજી ભઠ્ઠાના માલિકે શું અહેશાન કર્યું છે કે સમશૂલ પઠાણ સામે કાર્યવાહી કરવામાં તંત્ર ને શરમ આવે છે.
- ખેતીની ઉપજાવ જમીનમાં ધમધમી રહ્યા છે ઘોઘંબા તાલુકામાં ચાલતા ઈંટોના ભઠ્ઠા.

## ઘોઘંબા પંથકમાં ખેતીની જમીનમાં ધમધમતા ઈંટોના ભઠ્ઠાઓ

ઘોઘંબા તાલુકાના વાડીનાથ ગામે ચાલતા શ્રીજી બ્રિક્સવાળી જમીન એન.એ. થયેલ છે. કેમ તે પ્રશ્ન થઈ રહ્યો છે. કારણ કે ઘોઘંબા તાલુકામાં બેફામ રીતે ધમધમતા ઈંટોના ભઠ્ઠાઓ મોટાભાગે ખેતીની ઉપજાવ અને ફળદ્રુપ જમીનમાં ચાલી રહ્યા છે. ઈંટોના ભઠ્ઠા માટે કાયદેસર રીતે જમીન એન.એ. થયેલ હોય જરૂરી છે. પરંતુ જીલ્લા વહીવટી તંત્રની રહેમનજર હેઠળ આવા ભઠ્ઠાઓ ધમધમી રહ્યા છે.

ઘોઘંબાના વાડીનાથ ગામે શ્રીજી બ્રિક્સ ધરાવતા માલિક દ્વારા ઈંટો પકવવા માટે કેમીકલ વેસ્ટનો ઉપયોગ કરવામાં આવતો હોય આ કેમીકલના ધુમાડાને લઈને આસપાસના ગામોના રહિશો તેમજ પાકો ઉપર ગંભીર અસર થતી હોવાના અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ થયેલ છે. ત્યારે માંડ તંત્ર કાર્યવાહી કરશે તેવી આશા બંધાઈ હતી. પરંતુ શ્રીજી બ્રિક્સ ઉપર તપાસ માટે આવતી અધિકારીઓની ટીમ ભઠ્ઠા ઉપર આવીને ખાલી લીખાપોથી કરી જતા રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

# પંચમહાલ જિલ્લા કક્ષાનો શૈક્ષિક મહાસંઘનો અભ્યાસ વર્ગ યોજાયો




ગોધરા,
રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રેરિત પંચમહાલ જિલ્લાકક્ષાનો અભ્યાસ વર્ગ બાહી ધી નવચેતન ઈંગ્લિશ હાઈસ્કૂલખાતે યોજવામાં આવ્યો. જેમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને આચાર્ય સંવર્ગના ૧૭૫ જેટલા જિલ્લા/તાલુકા કક્ષાના હોદ્દેદારો તથા કાર્યકર્તા બંધુઓ ઉપસ્થિત રહ્યા. અભ્યાસ વર્ગનો શુભારંભ સંત પ.પૂ.ઈન્દ્રજીતસિંહ દ્વારા દિપ પ્રાગટ્ય અને આશીર્વચનથી કરવામાં આવ્યો. સંત એ ગુરૂ તરીકે પોતાના ઉત્તમ કર્તવ્યથી બાળદેવોનું સંસ્કાર ઘડતર થાય અને આદર્શ સમાજનું નિર્માણ થાય તે માટે કટિબદ્ધ બની કર્મ કરવાનું આહવાન કર્યું. રાજ્યના શૈક્ષિક મહાસંઘ અને પ્રાથમિક શિક્ષક સંઘના અધ્યક્ષ ભીખાભાઈ પટેલે સંગઠનની પરિભાષા અંગે માર્ગદર્શન આપી સંગઠનના વિસ્તાર માટે માર્ગદર્શન પૂરૂં પાડયું. શિક્ષકોના વિવિધ પ્રશ્નોને વાચા આપી. ભવિષ્યમાં તેના ઉકેલ માટે સંગઠન કટિબદ્ધ હોવાનું જણાવ્યું .અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક માધ્યમિક સંઘના ઉપાધ્યક્ષ અને ગુજરાત પ્રભારી મોહનજી પુરોહિતજી એ સંગઠનની કાર્યપદ્ધતિ અને વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે રજૂઆત અંગે માર્ગદર્શન આપ્યું. સમાજ સેવા થકી રાષ્ટ્રભાવના કેળવવા પ્રતિબદ્ધ બનવા જણાવવામાં આવ્યું. ડો.વિજય પટેલ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણમાં શિક્ષકની ભૂમિકા અંગે સરસ માહિતી આપી. અભ્યાસ વર્ગ દરમિયાન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.વી એમ પટેલ તથા જિલ્લા શિક્ષણાધિકારી ભાનુભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. ફેબ્રુઆરી માસમાં પ્રકાશિત થયેલ શૈક્ષિકદીપ અંકનું વિમોચન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું. મતી પલ્લવીબેન પટેલ દ્વારા માતૃશક્તિને સમાજ વિકાસમાં જોડવા અંગે શિક્ષિકા બહેનોને સંગઠનમાં જોડાવા અને બાળકોના ઘડતર સાથે સામાજિક વિકાસમાં સહભાગી બનવા માર્ગદર્શન આપ્યું. રાજ્યના ઉપાધ્યક્ષ સરદારભાઈ મચ્છર દ્વારા સંગઠનના જિલ્લા અને તાલુકા સ્તરે વિવિધ હોદ્દેદારોને સંગઠન દ્વારા મળેલ જવાબદારી ઉત્કૃષ્ટ રીતે નિભાવવા અને સંગઠનને મજબૂત બનાવી શિક્ષકોના વિવિધ પ્રશ્નોને તાલુકા જીલ્લા અને રાજ્ય સ્તરે રજૂ કરી નિકાલ કરવા અંગે રજૂઆત ની કાર્યપદ્ધતિ અંગે સવિસ્તાર સમજ આપવામાં આવી. અરૂણભાઈ જોશી શૈક્ષિક મહાસંઘ દ્વારા કર્તવ્યબોધ દિવસની ઉજવણી, માતૃવંદના કાર્યક્રમ અને અભ્યાસ વર્ગ દ્વારા કાર્યકર્તાનું ઘડતર કરવામાં આવે છે. તે થકી સંગઠનનો વિસ્તાર કરી પ્રત્યેક શિક્ષકને સંગઠનમાં જોડી રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા અંગે માર્ગદર્શન આપ્યું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત વિભાગના ધર્મેશભાઈ મહેતાએ શિક્ષકને પોતાના કર્તવ્ય થકી અખંડ ભારતના નિર્માણમાં યોગદાન આપી સામાજિક વિકાસ થકી રાષ્ટ્ર ભાવના કેળવવા અંગે માર્ગદર્શન આપ્યું. અંતમાં ગુજરાત રાજ્યના સંગઠન મંત્રી ઘનશ્યામભાઈ પટેલે સંગઠનનું મહત્વ સમજાવી દરેક કાર્યકર્તા જવાબદારીપૂર્વક સમર્પિત બને તે માટે ઉત્તમ માર્ગદર્શન આપી અભ્યાસ વર્ગની પૂર્ણાહુતિ કરી.

## જાહેરાત

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા, જિલ્લા પંચાયત પંચમહાલ દ્વારા કાર્યરત ૨૩૧ જીલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૧/૨૨

આઈ.સી.ડી.એસ શાખા, જિલ્લા પંચાયત પંચમહાલ હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.
(અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in)

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા | મીની આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૭ | ૧૬ | ૧૧૯ | ૧૦૭ | ૫ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રીદ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવિલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૧ માં તા.૧૫-૦૩-૨૦૨૨ થી તા.૦૪-૦૪-૨૦૨૨ (રાત્રે ૦૦:૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર-૭૮૦૦/-, આંગણવાડી તેડાગર-૩૯૫૦/- અને મીની આંગણવાડી કાર્યકર-૪૪૦૦/- ને મળતુ માનદવેતન પ્રમાણે માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર તથા મીની આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પદ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે અરજદાર દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ્દ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે પંચમહાલ જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.
- ઉપર પૈકી બીજા પ્રયત્ન ભરવાની થતી જગ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | આંગણવાડી કેન્દ્ર | આંગણવાડી કાર્યરત/ તેડાગર |
|---|---|---|---|
| ૧ | ગોધરા | વણાંકપુર, વૈરયા-૧,પોપટપુરા-૩ | કાર્યકર |
| ૨ | ગોધરા | ચીખોદ્રા-૩, કલ્યાણા, દરૂણીયા-૨ | તેડાગર |
| ૩ | શહેરા | શહેરા-૪ | તેડાગર |
| ૪ | કાલોલ | કાલોલ-૬ | તેડાગર |
| ૫ | હાલોલ | તખતપુરા | કાર્યકર |
| ૬ | ઘોઘંબા | પાલ્લા નિશાળ | કાર્યકર |
| ૭ | મોરવા | મેત્રાલ | કાર્યકર |

જીલ્લા વિકાસ અધિકારી
જીલ્લા પંચાયત, પંચમહાલ

માહિતી/ગોધરા/૧૦૩૪/૨૦૨૨

# કરસાણા કેમ્પસ વન વિભાગના કર્મચારીઓની વન સંરક્ષણ બાબતે ઘોર બેદકારી



ગોધરા,
ગોધરા તાલુકાના રેન્જ વિભાગમાં આવતો છકડીયા નજીકનો ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ કરસાણા કેમ્પસ મોડલ મેડિકલ નર્સરી પાનમ ઈરિગેટેડ પ્લાન્ટેશન વિભાગ ગોધરામાં કર્મચારીઓ ફક્ત સમય પ્રસાર કરવામાં માટે જ આવતા હોય છે. જેમાં તેઓ વનમાં કોઈપણ પ્રકારની ગંભીરતા દાખવતા નથી. જેમાં નજીક ગામોના પશુઓ દરરોજ જંગલમાં ફરતા જોવા મળે છે જે જંગલની તમામ સંપત્તિને નુકશાન કરે છે. જેના કારણે વન વિભાગની મેડિકલ દવા માટે ઉત્પાદનની વનસ્પતિઓ ખાઈ જતી હોય છે. તેમજ જંગલની કીમતી લાકડા લોકો જંગલમાંથી કાપી લઈ જતા હોય છે.તેમાં સાચવનાર જે તે અધિકારીની સંપૂર્ણ નિષ્કાળજી જોવા મળે છે. તેઓ તેમની મનમાની મુજબ અહીંયા વહીવટ કરે છે. જંગલમાં સાચવવાનું કામ તેમના તરફ બિલકુલ થતું નથી તેમજ કોઈ પણ પ્રકારની કાળજી લેવામાં આવતી નથી. આ બાબતે રજુઆત કરવા જતાં ફરજ પરના અધિકારી દ્વારા ખૂબ ગંભીર રીતે બિભત્સ વર્તન કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટાફના માણસો વોચમેન, જમાદાર, તમેજ અન્ય સ્ટાફ ગામનાં લોકો સાથે મળીને દારૂ તેમજ પૈસાના બદલામાં ગાયો ભેંસો ચરાવવા દેવામાં આવે છે. તેમજ જંગલના કીમતી લાકડા બારોબાર ઓછા પૈસામાં લોકોને વેચી દેવામાં આવે છે અને દરરોજ આવા લાકડા જંગલમાંથી લોકો લઈ જતા નજરે પડે છે. આવી ઘોર અને ગંભીર બેદરકારીના કારણે વનવિભાગને નુકશાન થઈ રહ્યું છે. જેમાં જંગલની કોઈપણ પ્રકારની જાળવણી કે કદર કરવામાં આવતી નથી. આ બાબતે મૌખિક રજુઆત જમાદાર, વોચમેન તેમજ વન વિભાગના બીજા કર્મચારીઓની હાજરીમાં કરવામાં આવી હતી. તો તેમણે રજૂવાતકારો સામે બિભત્સ વર્તન કર્યું હતું. અને હડધૂત કરવામાં આવ્યા હતા. આ બાબતે મૌખિક રજુઆત કરતા વોચમેન બારીઆ ગોકળભાઈ દ્વારા અનેક પ્રકારની તેમજ અપ શબ્દો બિભત્સ ભાષામાં બોલવામાં આવ્યા હતા. જે સરકારના નિયમ મુજબ ખૂબ જ વિરૂદ્ધ છે. સરકાર દ્વારા એવી કોઈ જોગવાઈ વનવિભાગના કોઈ અધિકારીને આપવામાં નથી આવેલ જે આજુબાજુનાં ગામડાનાં લોકોને સાચી વાતની રજૂવાત કરતા ગાળો બોલવામાં આવતી હોય એવું સરકારના કાયદામાં લખવામાં આવેલ નથી જે બાબતે ગંભીર પગલા લઈ આગળ કાર્યવાહી કરવા માટે ધારધાર જેતે વિભાગ રજુઆત કરવામાં આવેલ છે તેમજ વન વિભાગને હેલ્પલાઈન નંબર, લેખિત તેમજ ઈમેલ ઉપર રજુઆત કરવામાં આવેલ છે.

## મોરાના સાઈ તથા આર.એચ.પટેલ ITI મા એક દિવસીય ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું ઉત્સાહ પુર્વક આયોજન



શહેરા,
ગુજરાત બાલ વિકાસ મંડળ સંચાલિત સાંઈ આઈ.ટી.આઈ. તથા ઉમિયા અજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર.એચ.પટેલ આઈ.ટી.આઈ મોરામાં એક દિવસીય ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. આ ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામમા આજના ડિઝિટલ યુગમા ગુગલ ફોર્મ બનાવવુ અને તેના શૈક્ષણિક કાર્યમા ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ આપવામા આવી. જેમાં બંને ઔદ્યોગિક તાલીમ સંસ્થાના તમામ કર્મચારી જોડાયા. પ્રોગ્રામનો મુખ્ય હેતુ ગુગલફોર્મ અંગે જાણકારી મેળવવાનો હતો. સંસ્થાના કેમ્પસ ડાયરેકટર દિનેશ સુરેશ ભદાણે દ્વારા પ્રોગ્રામના મુખ્ય મહેમાન તરીકે ખુબજ ઉત્સાહથી સમગ્ર કર્મચારીગણને સમજ પૂરી પાડવામાં આવી. સંસ્થાના પ્રમુખ પુરણભાઈ જે. દેસાઈ દ્વારા આ કાર્યક્રમને બિરદાવવામાં આવ્યો.આ કાર્યક્રમમાં આઈ.ટી.આઈ ના આચાર્ય સુનીલભાઈ આર. પટેલ દ્વારા ગુગલ ફોર્મથી થતા ફાયદા અને એના વિવિધ ઉપયોગો વિષે સમજ આપવામાં આવી.

## શહેરા બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે વ્યસન મુકિત અને રકતદાન શિબિર યોજાઈ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા નગર મા શિવમ સોસાયટી ખાતે આવેલ પ્રજાપતિ બ્રહ્મા કુમારી ઈશ્વરીય વિદ્યાલય કેન્દ્ર ખાતે વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમો યોજાતા હોય છે. કેન્દ્ર ખાતે સોમવાર ના રોજ રક્તદાન શિબિર સાથે વ્યસન મુક્તિ કેમ્પ નું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પ માં નગર ના અગ્રણી ડો.અજય ભાવસાર, નગર પાલિકા ઉપ પ્રમુખ હિંમત સિંહ પગી, જેકી ભાઈ મુલચંદાણી, બ્રહ્માકુમારી રતન દીદી, જયા દીદી, ડોક્ટર આર.કે. ચૌહાણ ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પ ને ખુલ્લો મૂકવામાં આવેલ હતો. આ કેમ્પ મા વ્યસન મુક્તિ પ્રદર્શન મા વ્યસન થી શરીર ને થતું નુકશાન સહિત જરૂરી માર્ગદર્શન આવેલ સૌ લોકો ને બ્રહ્મા કુમારી રતન દીદીએ આપેલ હતું. રક્તદાન શિબિરમા ૪૦ જેટલા રક્તદાતાઓએ ખૂબ જ ઉત્સાહ અને હોંશભેર રક્તદાન કરીને માનવતા મહેકાવી હતી. આ કેમ્પ મા આવનાર ભાઈ બહેન વ્યસન અહીં છોડીને જાય તે માટે બ્રહ્મા કુમારી રતન દીદી અને જયા દીદી દ્વારા માર્ગદર્શન આપવામાં આવતા આ કેમ્પમા આવનાર ગણા બધા એ તમાકુ, દારૂ, સીગારેટ સહિત ના વ્યસન અહી છોડી ને ગયા હતા કેમ્પ ને સફળતા મળી હતી.

## માર્ગ અને મકાન વિભાગ
## ગુજરાત સરકાર
## જાહેર નિવિદા-૪૨ સને : ૨૦૨૧-૨૨ નો સુધારો-૧

કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા ૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવેલ પ્રસ્તુત નિવિદામાં નીચે જણાવ્યા મુજબનો અંશતઃ સુધારો કરવામાં આવેલ છે.

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૨૧.૩.૨૨, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા.૨૧.૩.૨૨, ૧૮:૦૦ કલાક સુધી રહેશે. જ્યારે કામના ઓન લાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોકયુમેન્ટસ ઈજારદારશ્રીએ રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા.૨૧.૩.૨૨ થી તા.૨૮.૩.૨૨ નાં રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાનાં રહેશે.

બાકીની વિગત મુળ નિવિદા પ્રમાણે યથાવત રહેશે.

માહિતી/ગોધરા/૧૦૩૩/૨૦૨૨

## ગોધરામાં નરાધમ એ ૧૦ વર્ષીય બાળકી પર દુષ્કર્મ આચરતાં પોલીસ કાર્યવાહી શરૂ

ગોધરા,
ગોધરામાં ૧૦ વર્ષીય બાળકી પોતાના ભાઈ-બહેન સાથે ઘરમાં એકલી હતી ત્યારે બાજુમાં રહેતો છોકરાએ તેના પર ખરાબ દાનત બગાડી હતી અને તેને એક અવાવરૂ જગ્યાએ લઈ જઈને તેના પર દુષ્કર્મ ગુજાર્યું હતું. જ્યારે આ બાળકીના માતા-પિતા ઘરે પરત આવતા બાળકીને લોહી નીકળતા જોઈને તેઓ ગભરાઈ જવા સાથે બાળકી ને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યારે પોલીસ મથક ખાતે બાળકીના માતા દ્વારા આ નરાધમ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પણ બનાવને ગંભીરતાથી લઈને તાત્કાલિક બનાવ સ્થળ ખાતે પહોંચી જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં ટૂંકા દિવસોમાં નાની બાળકી પર દુષ્કર્મની બીજી આ ઘટના હોય ત્યારે પોલીસ તંત્ર દ્વારા પણ આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવી જોઈએ તે પણ અત્યંત જરૂરી છે. હાલ તો ૧૦વર્ષીય બાળકી પર દુષ્કર્મ ગુજાનાર આરોપી પોલીસ પક્ડથી દૂર હોવાનું પોલીસ વિભાગ પાસેથી જાણવા મળ્યુ હતુ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.171